# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

ક્રમાંક:S.S/RMSA/એક પેડ માં કે નામ/ ૨૦૨૫/11373-75 તા:૨૨/૦૯/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત-જિલ્લો/સુરત કોર્પોરેશન.

વિષય : "એક પેડ માં કે નામ 2.0" અંતર્ગત શાળા કક્ષાએ વૃક્ષારોપણ કરવા બાબત.

સંદર્ભ : માન.એસ.પી.ડી સાહેબશ્રીના પત્ર ક્રમાંક:- સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૧/૨૦૨૫/૫૪૦૩૪-૧૦૬ તા.૨૦/૯/૨૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ૫મી જૂન ૨૦૨૪ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સંદર્ભે દેશના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા માતા પ્રત્યે પ્રેમ, આદર અને સન્માનના પ્રતિક સ્વરૂપે તેમજ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા માટે 'એક પેડ માં કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું. માન.વડાપ્રધાનશ્રીએ આ અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે. માન. વડાપ્રધાનશ્રીના આ પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરીને સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે 'એક પેડ માં કે નામ' અભિયાનને જન આંદોલન સ્વરૂપે વિસ્તારવા માટે 'એક પેડ માં કે નામ' 2.0' કાર્યક્રમનું રાજ્યની તમામ શાળાઓમાં ખૂબ સારી રીતે આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

'એક પેડ માં કે નામ' 2.0 કાર્યક્રમ એ પર્યાવરણીય જાગૃતિ ફેલાવવાનો કાર્યક્રમ છે, જેમાં શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્થાનિક સમુદાય, SMC-SMDCના સભ્યો, તેમજ અન્ય નાગરિકો એક વૃક્ષ વાવે છે અને તેને પોતાની માતાને નામે સમર્પિત કરે છે. આ કાર્યક્રમનું મુખ્ય લક્ષ્ય છે વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને વ્યક્તિગત જોડાણ ઊભું કરવાનું છે.

ઉક્ત બાબતે માન.વડાપ્રધાનશ્રીના આ પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરવા માટે માન.મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તેમજ માન.મંત્રીશ્રી પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઇમેન્ટ ચેન્જની મળેલ સુચનાનુસાર 'એક પેડ માં કે નામ' 2.0 કાર્યક્રમ અંતર્ગત સમગ્ર રાજ્યમાં તા-૨૫.૦૯.૨૦૨૫, ગુરૂવારના રોજ ખાસ ઝુંબેશનું આયોજન હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

આ વિશેષ ઝુંબેશમાં આપના જિલ્લાના જિલ્લા પંચાયતના માન.પ્રમુખશ્રી, માન.સાંસદશ્રી, માન ધારાસભ્યશ્રી તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાના માન પદાધિકારીશ્રીઓ પણ જિલ્લાની ની કોઈ શાળામાં ઉપસ્થિત રહી 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરે તે માટે આપની કક્ષાએથી જરૂરી આયોજન હાથ ધરવાનું રહેશે.

વધુમાં આ એક દિવસીય ખાસ ઝુંબેશમાં સુરત જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક (સરકારી, ગ્રાન્ટેડ, બિન અનુદાનિત તેમજ અન્ય તમામ પ્રકારની શાળાઓ) શાળાઓના આચાર્ય, શિક્ષકો, સી.આર.સી.કો.ઓ./ SMC/SMDCના સભ્યો. બાળકોના વાલીઓ, TPOશ્રી, એજ્યુકેશન ઇન્સ્પેકટર, શાળામાં અભ્યાસ કરતા બાળકો દ્વારા **'એક પેડ માં કે નામ'** અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવે.

ઉક્ત બાબતે તા. ૨૫/૯/૨૫ ના રોજ **'એક પેડ માં કે નામ'** અંતર્ગતની વિશેષ ઝુંબેશમાં સુરત જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક(સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ અન્ય તમામ પ્રકારની શાળાઓ) શાળાઓને ભાગ લેવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

સવિનય નકલ રવાના જાણ સારુ:-

(૧) પ્રતિ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-૧૯, ગાંધીનગર

નકલ રવાના જાણ અને કાર્યવાહી સારૂં :-

(૧) પ્રતિશ્રી એજ્યુકેશન ઇન્સ્પેક્ટર (EI) અને AEI તમામ, અત્રેની કચેરી, સુરત

(૨) પ્રતિશ્રી BRC / URC / BRP/ CRC તમામ, સુરત જિલ્લો/ સુરત કોર્પોરેશન.

જે. રંજીથકુમાર, આઇ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

સમગ્ર શિક્ષા
Samagra Shiksha
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

તા-૨૦.૦૯.૨૦૨૫

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૫/ ૫૪૦૩૪ – ૧૦૬

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કૉ-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા- તમામ
શાસનાધિકારીશ્રી- અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત

**વિષય : "એક પેડ માં કે નામ 2.0" અંતર્ગત વૃક્ષારોપણ કરવા બાબત**
**સંદર્ભ- માન.મંત્રીશ્રીની મળેલ સુચનાનુસાર**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ૫મી જૂન ૨૦૨૪ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સંદર્ભે દેશના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા માતા પ્રત્યે પ્રેમ, આદર અને સન્માનના પ્રતિક સ્વરૂપે તેમજ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા માટે 'એક પેડ માં કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું. માન.વડાપ્રધાનશ્રીએ આ અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે. માન.વડાપ્રધાનશ્રીના આ પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરીને સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે 'એક પેડ માં કે નામ' અભિયાનને જન આંદોલન સ્વરૂપે વિસ્તારવા માટે 'એક પેડ માં કે નામ 2.0' કાર્યક્રમનું રાજ્યની તમામ શાળાઓમાં ખૂબ સારી રીતે આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

'એક પેડ માં કે નામ 2.0' કાર્યક્રમ એ પર્યાવરણીય જાગૃતિ ફેલાવવાનો કાર્યક્રમ છે, જેમાં શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્થાનિક સમુદાય, SMC-SMDCના સભ્યો, તેમજ અન્ય નાગરિકો એક વૃક્ષ વાવે છે અને તેને પોતાની માતાને નામે સમર્પિત કરે છે. આ કાર્યક્રમનું મુખ્ય લક્ષ્ય છે વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને વ્યક્તિગત જોડાણ ઊભું કરવાનું છે.

ઉક્ત બાબતે માન.વડાપ્રધાનશ્રીના આ પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરવા માટે માન.મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તેમજ માન.મંત્રીશ્રી પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઇમેન્ટ ચેન્જની મળેલ સુચનાનુસાર 'એક પેડ માં કે નામ 2.0' કાર્યક્રમ અંતર્ગત સમગ્ર રાજ્યમાં તા-૨૫.૦૯.૨૦૨૫, ગુરૂવારના રોજ ખાસ ઝુંબેશનું આયોજન હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

આ વિશેષ ઝુંબેશમાં આપના જિલ્લાના જિલ્લા પંચાયતના માન.પ્રમુખશ્રી, માન.સાંસદશ્રી, માન.ધારાસભ્યશ્રી તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાના માન.પદાધિકારીશ્રીઓ પણ જિલ્લાની કોઈ શાળામાં ઉપસ્થિત રહી "એક પેડ માં કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કરે તે માટે આપની કક્ષાએથી જરૂરી આયોજન હાથ ધરવાનું રહેશે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સમગ્ર શિક્ષા, પહેલો માળ, સરકારી ઈન્કવાયરી ઓફીસ સામે, ગાંધીનગર-ગુજરાત-૩૮૨ ૦૨૧.
ફોન નં. : (૦૭૯) ૨૨૮૮૧૦૦૦ | ઈ-મેલ : spd-gcsess@gujarat.gov.in

વધુમાં આ એક દિવસીય ખાસ ઝુંબેશમાં આપશ્રીને તેમજ આપના જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક (સરકારી, ગ્રાન્ટેડ, બિન અનુદાનિત તેમજ અન્ય તમામ પ્રકારની શાળાઓ) શાળાઓના આચાર્ય, શિક્ષકો, સી.આર.સી.કો.ઓ./બી.આર.સી.કો.ઓ, SMC/SMDCના સભ્યો, બાળકોના વાલીઓ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, એજ્યુકેશન ઇન્સ્પેક્ટર, શાળામાં અભ્યાસ કરતાં બાળકો દ્વારા "એક પેડ માં કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવે તે બાબતે આપની કક્ષાએથી ખાસ પ્રકારનું આયોજન હાથ ધરવાનું રહેશે.

ઉક્ત બાબતે તા-૨૫.૦૯.૨૦૨૫ના રોજ "એક પેડ માં કે નામ" અંતર્ગતની વિશેષ ઝુંબેશમાં આપના જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક((સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ અન્ય તમામ પ્રકારની શાળાઓ)શાળાઓને ભાગ લેવા અને વૃક્ષારોપણ કરવા આપની કક્ષાએથી જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

(જે.રંજીથકુમાર)

નકલ સવિનય રવાના (જાણ સારૂં)

- માન.મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ
- માન.મંત્રીશ્રી પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઇમેન્ટ ચેન્જ
- માન.અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર